રોનાલ્ડોની ઇન્ટરનેશનલ ફૂટબોલને બાય બાય

છ વર્લ્ડકપ રમવા, એક યુરોપિયન ટાઇટલ અને ઇન્ટરનેશનલ ફૂટબોલમાં સૌથી વધુ ગોલ કરવાનો અસાધારણ રેકોર્ડ સાથે રોનાલ્ડોએ નિવૃત્તિ લીધી

બે દાયકા પહેલા શરૂ થયેલી તેજસ્વી કેરિયરનો અંત પોર્ટુગલના કોચ જોર્જ જેસસ સાથે થયેલા મતભેદ બાદ ટીમ છોડવા સાથે પૂરી થઇ



લિસબન, તા. 05 (AP) : ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ આજે ગુરુવારે પોતાની શાનદાર કેરિયર પર પડદો પાડતા જ હવે તે પોર્ટુગલ માટે રમશે નહીં. તેની આ કેરિયરમાં છ વર્લ્ડ કપ રમવાનો સંયુક્ત રેકોર્ડ ધરાવવાની સાથે જ, એક યુરોપિયન ટાઇટલ અને પુરુષ ઇન્ટરનેશનલ ફૂટબોલમાં સૌથી વધુ ગોલ કરવાનો અસાધારણ રેકોર્ડ સામેલ છે. તેની આ જાહેરાત બે દાયકા કરતાં પણ વધુ સમય પહેલા યુરો 2004 અગાઉ શરૂ થયેલી તેજસ્વી કારકિર્દીના અંતનું પ્રતીક છે. કોચ જોર્જ જેસસ સાથે મનભેદ બાદ રાષ્ટ્રીય ટીમમાંથી બહાર નીકળીને તેણે આ યાત્રા પૂર્ણ કરી.

સોશિયલ મીડિયા પર એક લાંબા વિડિયો સંદેશમાં 41 વર્ષીય રોનાલ્ડોએ કહ્યું કે પોર્ટુગલના દેશવાસીઓ, મારા માટે આપણી રાષ્ટ્રીય ટીમની 7 નંબરની જર્સી પરત કરવાનો દિવસ આવી ગયો છે. મેં ક્યારેય એવું નથી અનુભવ્યું કે આ જર્સી ફક્ત મારી જ હતી, પરંતુ 23 વર્ષ સુધી મને વિશ્વભરના સ્ટેડિયમમાં તેને પહેરવાનો, તેનું રક્ષણ કરવાનો અને તેને સાથે લઈ જવાનું સન્માન અને જવાબદારી મળી. આજે આ વારસો ભવિષ્યની પેઢીને સોંપવાનો સમય આવી ગયો છે. આ નિર્ણય સરળ નહોતો, કારણ કે કેટલાક નિર્ણયો ફક્ત મગજથી નહીં પણ હૃદયથી લેવાતા હોય છે. ઓગસ્ટ 2003માં શરૂ થયેલી અને મારા જીવનને કાયમ માટે બદલી નાખનારી એક અદ્ભૂત સફરનો હવે અંત આવ્યો છે. રોનાલ્ડો ક્લબ સ્તરે રમવાનું ચાલુ રાખીને સાઉદી અરેબિયાના અલ-નાસર સાથે આ સીઝનના અંતે પૂર્ણ કરે તેવી શક્યતા છે. પોતાના 1,000મા કેરિયર ગોલની સિદ્ધિ મેળવવાની રેસમાં તે હાલ 985

આંતરરાષ્ટ્રીય રેકોર્ડ્સથી ભરેલી કારકિર્દી

રોનાલ્ડો છ વર્લ્ડકપમાં ગોલ કરનાર પ્રથમ પુરુષ ખેલાડી બન્યો હતો. તે આ વર્ષના વર્લ્ડકપમાં કુલ 11 ગોલ સુધી પહોંચ્યો, જેણે યુસેબિઓના નવ ગોલના અગાઉના પોર્ટુગલ રેકોર્ડને પાછળ છોડી દીધો. તેણે 2004થી 2026 સુધી સતત 23 કેલેન્ડર વર્ષોમાં પોર્ટુગલ માટે ગોલ કર્યા છે. તે 200 ઇન્ટરનેશનલ મેચો રમનાર પ્રથમ પુરુષ ખેલાડી બન્યો અને તેની 234 મેચો પુરુષ ઇન્ટરનેશનલ ફૂટબોલના ઇતિહાસમાં સૌથી વધુ છે. રોનાલ્ડો પાસે યુરો કપમાં સૌથી વધુ 30 મેચો અને સૌથી વધુ 14 ગોલનો રેકોર્ડ પણ છે.

રોનાલ્ડોની ઇન્ટરનેશનલ કેરિયરના અજોડ રેકોર્ડ્સ

સર્વાધિક આંતરરાષ્ટ્રીય મેચ : 234 મેચો (વિશ્વ રેકોર્ડ)
સર્વાધિક આંતરરાષ્ટ્રીય ગોલ : 146 ગોલ (વિશ્વ રેકોર્ડ)
2004થી 2026 સુધી સતત 23 કેલેન્ડર વર્ષમાં ગોલનો અનોખો રેકોર્ડ
યુરો કપ રેકોર્ડ : સૌથી વધુ 30 મેચ અને સર્વાધિક 14 ગોલ
છ ફિફા વર્લ્ડકપમાં ગોલ કરનાર પ્રથમ પુરુષ ખેલાડી

પોર્ટુગલ રોનાલ્ડોને વિશેષ વિદાય આપવાની યોજના બનાવી રહ્યું છે

રોનાલ્ડોના સમકાલીન સાથી ખેલાડી લિયોનેલ મેસીએ ગયા મહિને એક ભવ્ય વિદાય મેચ સાથે આર્જેન્ટિના માટે પોતાની કારકિર્દી પૂર્ણ કરી હતી, ત્યારે બીજી તરફ રોનાલ્ડોની પોર્ટુગલ માટે છેલ્લી મેચ 24 સપ્ટેમ્બરે નેશન્સ લીગમાં વેલ્સ સામે 1-0થી મળેલી હોમ જીત સાબિત થઈ. કોચ જેસસે તે પછીની મેચમાં તેને બેંચ પર બેસાડી રાખ્યો હતો અને આગામી મેચમાં પણ રમાડવાની યોજના ન હોવાનું જણાવ્યું હતું, જેથી રોનાલ્ડોએ ટીમનો ટ્રેનિંગ કેમ્પ છોડવાનો નિર્ણય કર્યો. પોર્ટુગીઝ ફૂટબોલ ફેડરેશને દેશ માટે રોનાલ્ડોની સેવાઓ બદલ ઊંડી કૃતજ્ઞતા અને અપાર આદર વ્યક્ત કરતું એક નિવેદન બહાર પાડ્યું હતું. ફેડરેશને વધુમાં ઉમેર્યું કે તેઓ રોનાલ્ડો માટે એક વિશેષ વિદાય કાર્યક્રમનું આયોજન કરવા માંગે છે જેમાં ચાહકો અને સમગ્ર દેશ એકવાર ફરી એવા ખેલાડીને આવકારી શકે અને તેની ઉજવણી કરી શકે જેણે આપણને ઘણું બધું આપ્યું છે.

રોનાલ્ડોએ ફૂટબોલ જગતમાં પોર્ટુગલને નવા શિખરે પહોંચાડ્યું

રોનાલ્ડોએ 2003માં કઝાકિસ્તાન સામેની ફ્રેન્ડલી મેચમાં લુઇસ ફિગોના સ્થાને પોર્ટુગલ માટે પદાર્પણ કર્યું તે પહેલા પોર્ટુગલે ક્યારેય કોઈ મોટો ખિતાબ જીત્યો નહોતો. ત્યારબાદ તેમણે અને પ્રતિભાશાળી સાથી ખેલાડીઓની ક્રમિક પેઢીઓએ પોર્ટુગલને મોટી ટૂર્નામેન્ટ્સમાં નિયમિત સ્થાન અપાવ્યું. પોર્ટુગલે તેનો પહેલો મોટો ખિતાબ યુરો 2016માં અને ત્યારબાદ 2019 તથા 2025માં નેશન્સ લીગ જીતીને મેળવ્યો. રોનાલ્ડોના આગમન પહેલા પોર્ટુગલ 1966, 1986 અને 2002 એમ માત્ર ત્રણ વાર વર્લ્ડકપ માટે ક્વોલિફાય થયું હતું. પરંતુ તેના નેતૃત્વ હેઠળ પોર્ટુગલ દરેક વખતે ક્વોલિફાય થયું. યુરો કપ માટે પણ આવું જ બન્યું, જેમાં પોર્ટુગલ રોનાલ્ડો પહેલા માત્ર ત્રણ વાર - 1984, 1996 અને 2000માં રમ્યું હતું. તેઓ આવ્યા પછી ટીમ દરેક વખતે ટૂર્નામેન્ટ રમી. પોર્ટુગલ 2004માં પોતાના હોમ ગ્રાઉન્ડ પર રમાયેલા રોનાલ્ડોના પ્રથમ યુરો પદાર્પણમાં રનર્સ-અપ રહ્યું હતું.

ACT હોકી : જાપાનને 4-1થી હરાવી ભારત સતત ત્રીજી વાર ચેમ્પિયન

પ્રથમ ક્વાર્ટરમાં પાછળ રહ્યા બાદ ભારતે શાનદાર વાપસી કરીને છઠ્ઠી વાર ટાઇટલ જીત્યું



મોહાલી, તા. 05 (પીટીઆઇ) : ભારતીય પુરુષ હોકી ટીમે ગુરુવારે રમાયેલી ફાઇનલમાં જાપાનને 4-1થી પરાજય આપીને એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં સતત ત્રીજી વાર જીતીને હેટ્રિક કરવાની સાથે જ એકંદરે છઠ્ઠી વાર ટાઇટલ જીત્યું છે. એશિયન ગેમ્સના ગોલ્ડ મેડાલિસ્ટ ભારતે આ પહેલાં 2011, 2016, 2018, 2023 અને 2024માં આ સ્પર્ધા જીતી હતી.

મેચની ત્રીજી જ મિનિટે જાપાનના કાઝુમાસા માત્સુમોતોએ ફીલ્ડ ગોલ કરીને ભારતને આંચકો આપ્યો હતો. પ્રથમ બે ક્વાર્ટરમાં પાછળ રહ્યા બાદ ભારતે બીજા હાફમાં આક્રમક રમત દાખવી હતી. મેચની 42મી મિનિટે શિલાનંદ લાકડાએ પેનલ્ટી કોર્નર પરથી ગોલ કરીને સ્કોર 1-1થી સરભર કર્યો હતો.

ત્યારબાદ ચોથા ક્વાર્ટરમાં ભારતીય ટીમે સંપૂર્ણ દબદબો બનાવી લીધો હતો. 48મી મિનિટે હાર્દિક સિંહના પાસ પર દિલપ્રીત સિંહે ગોલ કરીને ભારતને 2-1થી સરસાઈ અપાવી હતી. મેચની 53મી મિનિટે જુગરાજે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવ્યો હતો, જ્યારે 54મી મિનિટે વિવેક સાગર પ્રસાદે ચોથો ગોલ કરીને ભારતની જીત નિશ્ચિત કરી હતી. ભારતીય વાઇસ કેપ્ટન હાર્દિક સિંહે પોતાની 200મી આંતરરાષ્ટ્રીય મેચ રમતાં મિડફીલ્ડમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. સમગ્ર ટૂર્નામેન્ટમાં ભારતીય ટીમ અજેય રહી હતી.

IPL ઓક્શન પહેલા CSK અને SRH વચ્ચે ચાર ખેલાડીનો ટ્રેડ

લિયામ લિવિંગસ્ટોન અને જેક એડવર્ડ્સ સનરાઇઝર્સમાંથી સીએસકેમાં જોડાયા

ખલીલ અહેમદ અને નાથન એલિસ સીએસકેમાંથી સનરાઇઝર્સમાં ગયા



નવી દિલ્હી, તા. 05 (પીટીઆઇ) : આઇપીએલ 2027ની હરાજી પહેલાં ચેન્નાઇ સુપર કિંગ્સ (સીએસકે) અને સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ) વચ્ચે ચાર ખેલાડીઓનો મહત્વપૂર્ણ ટ્રેડ પૂર્ણ થયો છે. આ સોદા હેઠળ ઇંગ્લેન્ડનો ઓલરાઉન્ડર લિયામ લિવિંગસ્ટોન અને ઓસ્ટ્રેલિયાનો ઓલરાઉન્ડર જેક એડવર્ડ્સ પાંચ વખતની ચેમ્પિયન ટીમ સીએસકેમાં સામેલ થયા છે. બીજી તરફ ડાબોડી જડફઈ બોલર ખલીલ અહેમદ અને ઓસ્ટ્રેલિયન જડફઈ બોલર નાથન એલિસ એસઆરએચમાં પરત ફર્યા છે.

એસઆરએચ દ્વારા મૂળ 13 કરોડ રૂપિયામાં ખરીદાયેલો લિવિંગસ્ટોન છ કરોડ રૂપિયાની ઘટાડેલી ફીમાં સીએસકેમાં જોડાયો છે. એડવર્ડ્સ તેની હાલની ત્રણ કરોડ રૂપિયાની ફીમાં જ સીએસકેમાં જોડાયો છે. આ ટ્રેડમાં એસઆરએચએ ખલીલ અહેમદને તેની 4.8 કરોડ રૂપિયાની હાલની ફીમાં સામેલ કર્યો છે. ખલીલ આ પહેલાં 2018થી 2021 સુધી એસઆરએચનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યો છે. તેણે આઇપીએલ 2025માં સીએસકે માટે 14 મેચમાં 15 વિકેટ લીધી હતી. તેના સિવાય ડેથ ઓવરોના સ્પેશિયાલિસ્ટ નાથન એલિસ પણ બે કરોડ રૂપિયાની હાલની ફી સાથે એસઆરએચમાં જોડાયો છે. પ્લેયર રીટેન્શનની સમયમર્યાદા 17 નવેમ્બર સુધી લંબાવવામાં આવી છે અને મિની ઓક્શન 16 ડિસેમ્બરે ગોવામાં યોજાશે. મુંબઈ ઇન્ડિયન્સના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને પંજાબ કિંગ્સના અર્શદીપ સિંહ વચ્ચે પણ ટ્રેડ થવાની શક્યતા છે.

કયા ખેલાડીની કેટલી ફીમાં ટ્રેડ થયા

ખેલાડી	જૂની ટીમ	નવી ટીમ	ફી (રૂપિયામાં)
લિયામ લિવિંગસ્ટોન	એસઆરએચ	સીએસકે	6 કરોડ
જેક એડવર્ડ્સ	એસઆરએચ	સીએસકે	3 કરોડ
ખલીલ અહેમદ	સીએસકે	એસઆરએચ	4.8 કરોડ
નાથન એલિસ	સીએસકે	એસઆરએચ	2 કરોડ

ભારત-શ્રીલંકા વચ્ચેની પ્રથમ વન ડે દિલ્હીથી વિશાખાપટ્ટનમ ખસેડાઇ

દિલ્હીમાં પ્રદુષણ અને સ્ટેડિયમમાં ચાલતા રિનોવેશનને કારણે DDCA દ્વારા જ મેસ ખસેડવાની વિનંતી થઇ હતી

નવી દિલ્હી, તા. 05 (પીટીઆઇ) : ભારત અને શ્રીલંકા વચ્ચે 13 ડિસેમ્બરે રમાનારી પ્રથમ વનડે મેચ ગુરુવારે હવામાનની વિક્ષેપ અને ફિરોઝ શાહ કોટલા સ્ટેડિયમમાં નવીનીકરણ કાર્યને કારણે દિલ્હીથી વિશાખાપટ્ટનમ ખસેડવામાં આવી હતી.

રાષ્ટ્રીય રાજધાનીમાં વાયુ પ્રદૂષણનું સ્તર સામાન્ય રીતે ઊંચું હોય છે. વધુમાં, અરુણ જેટલી સ્ટેડિયમના આઉટફિલ્ડનું નવીનીકરણનું કામ ચાલી રહ્યું છે. પરિણામે, દિલ્હી અને જિલ્લા ક્રિકેટ એસોસિએશન (ડીડીસીએ)એ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)ને મેચને અન્યત્ર ખસેડવા વિનંતી કરી હતી. બીસીસીઆઇએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, દિલ્હી અને જિલ્લા ક્રિકેટ એસોસિએશન (ડીડીસીએ) ની વિનંતી પર મેચનું સ્થળ હવામાન સંબંધિત સંભવિત વિક્ષેપો અને સ્ટેડિયમમાં પ્રસ્તાવિત નવીનીકરણ કાર્યને ધ્યાનમાં રાખીને બદલવામાં આવ્યું છે. રિલીઝ અનુસાર, આ મેચ હવે 13 ડિસેમ્બર, 2026 ના રોજ વિશાખાપટ્ટનમના ACA-VDCA ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે. શ્રીલંકાની ટીમ 13 ડિસેમ્બરથી શરૂ થનારા ભારતના પ્રવાસ દરમિયાન ત્રણ વનડે અને એટલી જ ટી20 આંતરરાષ્ટ્રીય મેચ રમશે.

પીએમ મોદીએ પેરા એથ્લેટ્સને કહ્યું : તમારા સંઘર્ષો દેશને પ્રેરણા આપે છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પેરા એશિયન ગેમ્સના મેડલિસ્ટો સાથે મુલાકાત કરી



નવી દિલ્હી, તા. 05 (પીટીઆઇ) : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગુરુવારે એશિયન પેરા ગેમ્સમાં મેડલ વિજેતા ખેલાડીઓને મળીને કહ્યું કે તેમના સંઘર્ષ અને સિદ્ધિઓ સમગ્ર દેશને પ્રેરણા આપે છે. ગયા મહિને આઈચી નાગોયામાં યોજાયેલી એશિયન પેરા ગેમ્સમાં ભારતે 30 ગોલ્ડ, 35 સિલ્વર અને 49 બ્રોન્ઝ સહિત 114 મેડલ જીત્યા હતા. આ પ્રસંગે રમતગમત મંત્રી મનસુખ માંડવિયા અને રમતગમત રાજ્યમંત્રી રક્ષા ખડસે પણ હાજર રહ્યા હતા. બે વખતની સુવર્ણ ચંદ્રક વિજેતા હાથ વગરની તીરંદાજ શીતલ દેવી અને દૃષ્ટિહીન દોડવીર સિમરન પણ સમારોહમાં હાજર રહી હતી.

મોદીએ કહ્યું, કે તમારા સંઘર્ષો અને સિદ્ધિઓ દરેક ભારતીયને પ્રેરણા આપે છે. પહેલાં, માતાપિતા તેમના બાળકોને રમતગમતમાં કારકિર્દી બનાવવા માટે ટેકો આપતા ડરતા હતા. લોકો કહેતા હતા કે પ્રતિભાને ટેકો ન આપતી સિસ્ટમ સાથે કંઈ કરી શકાતું નથી. પરંતુ જેમ તમે હાર ન માની, તેમ અમે પણ અમારા પ્રયાસમાં અડગ રહ્યા. મોદીએ કહ્યું કે ભારતનું પ્રદર્શન તે રમતોમાં પણ સુધરી રહ્યું છે જેમાં આપણે ભૂતકાળમાં એટલા સ્પર્ધાત્મક ન હતા.

પેરિસ માસ્ટર્સ : જોકોવિચ, ઝ્વેરેવ હારતા એક જ દિવસમાં બે મોટા અપસેટ

ઝ્વેરેવ મુસેટ્ટી સામે જ્યારે જોકોવિચ ક્વોલિફાયર સામે હારીને બહાર, ટિયાફો અને મેદવેદેવ પણ હાર્યા, અલ્કારાઝ જીત્યો



પેરિસ, તા. 05 (એપી) : પુરુષ ટેનિસમાં વિશ્વના નંબર વન ખેલાડી એલેક્ઝાન્ડર ઝ્વેરેવે ટોચના રેન્કિંગ તરફની પોતાની સફર હાર સાથે શરૂ કરી હતી અને તે બુધવારે પેરિસ માસ્ટર્સના બીજા રાઉન્ડમાં ઇટાલીના લોરેન્ઝો મુસેટ્ટી સામે 6-7, 2-6 થી હારીને બહાર થયો હતો.

ઝ્વેરેવ પછી, રેકોર્ડ સાત વખતના ચેમ્પિયન નોવાક જોકોવિચ પણ ઓસ્ટ્રેલિયન ક્વોલિફાયર રિંકી હિજિકાતા સામે 2-6, 6-3, 6-3થી હારતા મોટો અપસેટ થયો હતો. 24 ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીતનાર જોકોવિચને આ મહિનાના અંતમાં ATP ફાઇનલમાં સ્થાન મેળવવાની આશા જીવંત રાખવા માટે પેરિસ માસ્ટર્સની સેમી ફાઇનલમાં પહોંચવાની જરૂર હતી.

સાત વખતના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝે અમેરિકન એલેક્સ મિશેલસેનને 7-6, 6-3 થી હરાવ્યો. સતત છઠ્ઠી જીત નોંધાવનાર 23 વર્ષીય ખેલાડી આગામી રાઉન્ડમાં માટ્ટેઓ બેરેટિનીનો સામનો કરશે. સાતમા ક્રમાંકિત ફ્રાન્સિસ ટિયાફોને ફ્રાન્સના ક્વેન્ટિન હેલિસે 6-3, 1-6, 7-6 થી હરાવ્યો. ચોથા ક્રમાંકિત ડેનિલ મેદવેદેવને ઇગ્નાસિયો બુએસે 6-4, 6-4 થી ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકી દીધો હતો.

રણજી ટ્રોફી રાઉન્ડ અપ

નાગવાસવાલાની ચાર વિકેટની મદદથી ગુજરાતે કેરળને એક દાવ 64 રનથી હરાવ્યું

અમદાવાદ : રણજી ટ્રોફી ગ્રુપ સી મેચના આજે ગુરુવારે અહીં ચોથા અને અંતિમ દિવસે અર્જન નાગવાસવાલાના) દમદાર બોલિંગની મદદથી ગુજરાતે કેરળને એક ઇનિંગ્સ અને 64 રનથી હરાવ્યું હતું. આ જીત સાથે, ગુજરાત પોઇન્ટ ટેબલમાં બંગાળ પછી ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. ફોલો-ઓનના જવાબમાં એક વિકેટે 41 રનથી આજે દાવ આગળ ધપાવ્યા પછી કેરળે 150 રનના ઉમેરામાં પોતાની બાકીની નવ વિકેટ ગુમાવીને 191 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. નાગવાસવાલાની ચાર ઉપરાંત ચિંતન ગજા, સિદ્ધાર્થ દેસાઈ અને અમિત દેસાઈએ એક-એક વિકેટ લીધી, જ્યારે સિદ્ધાર્થે બે વિકેટ લીધી હતી.

બરોડા સામેની ડ્રો થયેલી મેચમાંથી ઉત્તર પ્રદેશને ત્રણ પોઈન્ટ મળ્યા

કાનપુર : રણજી ટ્રોફી ગ્રુપ એની ગુરુવારે અહીં એક મેચ ડ્રો થયા બાદ ઉત્તર પ્રદેશે પ્રથમ ઇનિંગની સરસાઇના આધારે ત્રણ પોઇન્ટ મેળવ્યા, જ્યારે બરોડાને એક પોઇન્ટથી સંતોષ માનવો પડ્યો હતો. આઠ વિકેટે 455 રનના સ્કોર પર બેટિંગ કરવા ઉતરેલા ઉત્તર પ્રદેશે પોતાની પહેલી ઇનિંગમાં 492 રન બનાવીને 137 રનની સરસાઇ મેળવી હતી. બરોડાએ પોતાની પહેલી ઇનિંગમાં 355 રન બનાવ્યા હતા. બરોડાએ પોતાના બીજા દાવમાં એક સમયે 115 રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી. તે પછી અતિત સેઠ અને મહેશ પિઠિયાની ભાગીદારીને કારણે 6 વિકેટે 169 રન બનાવી મેચ ડ્રો કરાવી હતી.

ત્રિપુરાએ સૌરાષ્ટ્રને 133 રનથી હરાવીને સિઝનની પહેલી જીત નોંધાવી

અગરતલા : રણજી ટ્રોફીના એલીટ ગ્રુપ બીની અહીં રમાયેલી એક મેચમાં ત્રિપુરાએ શાનદાર પ્રદર્શન કરીને આજે ગુરુવારે અહીં માજી ચેમ્પિયન સૌરાષ્ટ્રને 133 રનથી હરાવીને વર્તમાન સિઝનમાં પોતાની પહેલી જીત નોંધાવી હતી. ઓફ સ્પિનર સંદીપ સરકાર અને ઝડપી બોલર અભિજીત સરકારે સાત વિકેટની ભાગીદારી કરીને ત્રિપુરાની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. 342 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલા સૌરાષ્ટ્રને 208 રનમાં ઓલઆઉટ કરીને ત્રિપુરાએ તેમના ક્રિકેટ ઇતિહાસમાં યાદગાર જીત નોંધાવી હતી. અગાઉ, ટીમે હિમાચલ અને ગોવા સામે પણ જીત મેળવી હતી.

મુંબઈએ રેલવેને 106 રનથી હરાવીને ચોથી જીત નોંધાવી

મુંબઈ : રણજી ટ્રોફી ટુર્નામેન્ટમાં ગ્રુપ ડીની મેચમાં આજે ગુરુવારે મુંબઈએ પોતાનો ચોથો વિજય નોંધાવતા રેલવેને ૧૦૬ રનથી હરાવ્યું હતું અને તેને પગલે તેના કુલ 27 પોઇન્ટ થયા હતા. રેલવેના ઓપનર ઇશાન ગોચલ (103) અને સાતમા ક્રમે ઝુબેર અલી (115)એ સદી ફટકારીને મુંબઈને અંતિમ દિવસે જીતથી દૂર રાખવાનો પ્રયાસ કર્યો. પરંતુ અંતિમ કલાકમાં, 42 વારના ચેમ્પિયને શાનદાર વાપસી કરી ને ઉત્તમ ફિલ્ડિંગથી જીત મેળવી હતી.

SAFF ચેમ્પિયનશિપની પહેલી મેચમાં ભારતે પાકિસ્તાનને 3-2થી હરાવ્યું

ઢાકા, તા. 05 : ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે ગુરુવારે અહીં ગ્રુપ મેચમાં કટ્ટર હરીફ પાકિસ્તાન સામે સોહેલ અહેમદ ભટના બે ગોલની મદદથી 3-2થી જીત મેળવીને SAFF ચેમ્પિયનશિપ ઝુંબેશની વિજય સાથે શરૂઆત કરી છે.

શ્રીનગરના ખેલાડી ભટે 13મી અને 19મી મિનિટે ગોલ કર્યા જ્યારે મંગલેન્ટેંગ કિપગેને 31મી મિનિટે ગોલ કરીને ભારતને પહેલા હાફના અંતે 3-0ની સરસાઇ અપાવી હતી. પાકિસ્તાન વતી ઈન્જરી ટાઇમમાં 90મી મિનિટે નજીબ ઉલ્લાહ અને 90મી અને 90મી મિનિટે આલમગીર ગાઝીએ ગોલ કર્યા હતા.ભારતે અંડર-23 કોચ નૌશાદ મૂસાના માર્ગદર્શન હેઠળ બીજા સ્તરની ટીમ ઉતારી છે કારણ કે મુખ્ય ટીમ 12 અને 15 નવેમ્બરના રોજ ન્યુઝીલેન્ડ સામે બે ઈન્ટરનેશનલ ફ્રેન્ડલી મેચ માટે રવાના થવાની છે.

ભૂપતિ, સાનિયા સહિત ચાર ખેલાડી AITA ગવર્નિંગ બોડીમાં ચૂંટાયા

નવી દિલ્હી, તા. 05 (પીટીઆઇ) : માજી ભારતીય ટેનિસ સ્ટાર મહેશ ભૂપતિ અને સાનિયા મિર્ઝા ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિએશન (AITA) ના ગવર્નિંગ બોડી માટે પસંદ કરાયેલા ચાર પ્રસિદ્ધ ખેલાડીઓ (SOM) માં સામેલ છે. ભૂપતિને સૌથી વધુ 19 મત મળ્યા, ત્યારબાદ સાનિયાને 18 મત મળ્યા. આશુતોષ સિંહને 17, જ્યારે શાલિની ઠાકુર ચાવલાને 16 મત મળ્યા. અન્ય ઉમેદવારોમાં જાનકી કૃષ્ણમૂર્તિને 15, વિશાલ ઉપ્પલને 09, ગૌરવ નાટેકરને 08 અને અંકિતા ભામ્બરીને 07 મત મળ્યા હતા. AITA ના સુધારેલા બંધારણ મુજબ, ગવર્નિંગ બોડીમાં ચાર પ્રતિનિધિઓ ચૂંટાશે, જેમાં બે પુરુષ અને બે મહિલા ખેલાડીઓનો સમાવેશ થશે.

રીઅલ મેડ્રિડે છેલ્લી ઘડીએ જીત મેળવી, ફેનરબેહસે લિવરપૂલને હરાવ્યું

માન્ચેસ્ટર સિટીએ આરબી લિપઝિગને, કોમોએ લેન્સએ જ્યારે આર્સેનલે સ્લેવિયા પ્રાગને હરાવ્યું



મેડ્રિડ, તા. 05 નવેમ્બર (એપી) : ચેમ્પિયન્સ લીગમાં ફેડેરિકો વાલ્વર્ડેના નિર્ણાયક ગોલથી છેલ્લી ઘડીએ ફરી એકવાર વાપસી કરી રિયલ મેડ્રિડે બુધવારે AEK એથેન્સને 3-2થી હરાવ્યું હતું. અન્ય એક રોમાંચક મુકાબલામાં લિવરપૂલને ફેનરબાહસે સામે 2-3થી આઘાતજનક હારનો સામનો કરવો પડ્યો. માન્ચેસ્ટર સિટીએ પણ બે હાર બાદ સુધારો કરીને આરબી લીપઝિગને 3-2થી સમાન માર્જિનથી હરાવ્યું. દરમિયાન, કોમોએ લેન્સને 9-1થી હરાવીને પ્રભાવશાળી વિજય મેળવ્યો. ગત સિઝનના રનર્સ-અપ આર્સેનલે સ્લેવિયા પ્રાગને 2-1થી હરાવ્યું.

રેકોર્ડ 15 વખત યુરોપિયન ચેમ્પિયન રીઅલ મેડ્રિડ આ સિઝનમાં ચાર મેચ પછી 100 ટકા જીતનો રેકોર્ડ જાળવી રાખનારી બીજી ટીમ બની, અને પેરિસ સેન્ટ-જર્મન (પીએસજી) સાથે સતત બીજી વખત ટાઇટલ જીતવામાં જોડાઈ. ઓલવિન એરેના ખાતે AEK એથેન્સ સામે મેડ્રિડ બે વાર પાછળ રહી ગયું હતું, પરંતુ વાલ્વર્ડે 92મી મિનિટે લાંબા અંતરના અદભુત ગોલથી વિજય પર મહોર મારી હતી. ગયા મહિને મેડ્રિડે રોમા સામે 4-3થી વિજય મેળવવા માટે અંતિમ 10 મિનિટમાં ત્રણ ગોલ કર્યા હતા.

અનુસંધાન... પાના પહેલાનું

છ રાજ્યો, સંઘપ્રદેશોમાં...

પ્રદેશ, ઉત્તરાખંડ, મણિપુર, ગોવા અને પંજાબ સહિત ૧૭ રાજ્યોમાં એસએસઆરની જાહેરાત કરી હતી. પ્રથમ વખત, ચૂંટણી મંડળે પક્ષો સાથે ઈમેજ ફાઈલોને બદલે રીડેબલ પીડીએફ ફોર્મેટમાં મતદારયાદી શેર કરવાનો નિર્ણય લીધો હતો. કમિશને સંબંધિત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને આ કવાયત માટે પૂરતી માનવશક્તિ અને સંસાધનો સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે.

કસ્ટડીમાં હિંસા એ...

અવલોકનોનો પણ સંદર્ભ આપ્યો હતો, જેમાં કોર્ટે કહ્યું હતું કે રિમાન્ડ વિનાની અટકાયતને રોકતી જોગવાઈઓ ખૂબ જ તંદુરસ્ત છે, જે મેજિસ્ટ્રેટને પોલીસ તપાસ પર નજર રાખવા માટે સક્ષમ બનાવે છે. 'ભાગલપુર બ્લાઇન્ડિંગ્સ' એ બિહારના ભાગલપુરમાં માનવ અધિકારોના ગંભીર ઉલ્લંઘનની શ્રેણીબદ્ધ ઘટનાઓ હતી, જ્યાં પોલીસે ઓક્ટોબર ૧૯૭૯ થી જુલાઈ ૧૯૮૦ વચ્ચે ડઝનબંધ કાચા કામના કેદીઓને જાણીબુઝીને અંધ કરી દીધા હતા. બેંચે આગળ જણાવ્યું, "મહત્વની વાત એ છે કે, આ કોર્ટે નોંધ્યું હતું કે માનવ અધિકારોનું સૌથી ખરાબ ઉલ્લંઘન તપાસ દરમિયાન થાય છે જ્યારે પોલીસ માહિતી અથવા કબૂલાત કઢાવવાના હેતુથી અટકાયતનું રેકોર્ડ ન રાખીને અથવા સ્વતંત્રતા છીનવી લેવાની ઘટનાને માત્ર 'લાંબી પૂછપરછ' ગણાવીને ગેરકાયદેસર રીતે થર્ડ ડિગ્રી પદ્ધતિઓ અપનાવે છે."

અટકાયત સાથે જ...

જપ્ત કરી હતી. કોર્ટે નોંધ્યું હતું કે તેમની ધરપકડ માત્ર 30 સપ્ટેમ્બર, 2025ના રોજ સવારે 11:15 વાગ્યે નોંધાઈ હતી અને તેમને 30 સપ્ટેમ્બરે સાંજે 4.45 વાગ્યે મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, જે તેમને પ્રથમ અટકાયતમાં લેવામાં આવ્યા ત્યારથી 24 કલાકથી વધુ સમય હતો. બેંચે નોંધ્યું હતું કે તપાસ એજન્સીએ શોધ અને જપ્તીની કાર્યવાહી પૂર્ણ થયા અને ઔપચારિક ધરપકડ વચ્ચેના 18-કલાકના સમયગાળાનું સ્પષ્ટીકરણ આપ્યું ન હતું. 'જો વ્યક્તિને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવે તે પહેલાં આવી અટકાયત 24 કલાકથી વધુ સમય સુધી ચાલુ રહે છે, તો તેને કસ્ટડીમાંથી તાત્કાલિક મુક્ત કરવામાં આવશે,' તેમ બેન્ચે જણાવ્યું હતું. ધરપકડ પહેલાના પૂછપરછના અતિ લાંબા સમયગાળો બંધારણીય ભાવનાથી વિપરીત હશે, તે સત્તાના દુરુપયોગ તરફ દોરી જઈ શકે છે. જ્યારે વ્યક્તિને હાજર કરવામાં આવે તે સમયે, મેજિસ્ટ્રેટ તે વ્યક્તિની અટકાયતના વાસ્તવિક સમય અને તારીખની નોંધ કરવા માટે ફરજથી બંધાયેલા છે, અને તે કસ્ટડીના સમયથી ૨૪ કલાકની મુદતનું પાલન થયું છે કે નહીં તેની તપાસ કરવી જોઈએ. જો ૨૪ કલાકની મુદતનો ભંગ થયો હોય, તો સંબંધિત વ્યક્તિને કસ્ટડીમાંથી તુરંત જ મુક્ત કરવામાં આવશે, એમ પીઠે જણાવ્યું હતું.